# રાષ્ટ્રહિત માટે સૌને સાથે મળીને કામ કરવા સંઘના સરસંઘચાલક ડૉ. મોહનજીનું આહવાન

## પંચ પરિવર્તનના વિષયો થકી કોઈપણ વ્યક્તિ નાના-નાના કામો કરી દેશહિતમાં યોગદાન આપી શકે: ડૉ. મોહનજી ભાગવત





રાજકોટ

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પૂ. સરસંઘચાલક ડૉ. મોહનજી ભાગવતનો બે દિવસનો સૌરાષ્ટ્રનો પ્રવાસ પૂર્ણ થતાં તેમણે આગળના પ્રવાસ માટે પ્રસ્થાન કર્યું છે. સંઘના શતાબ્દી વર્ષ નિમિત્તે અખિલ ભારતીય પ્રવાસ યોજના અંતર્ગત તેઓ બે દિવસ રાજકોટ પધાર્યા હતા.

રાજકોટમાં સેવાભારતી ભવન ખાતે બે દિવસ દરમિયાન તેમણે કચ્છ અને સૌરાષ્ટ્રની ચુનંદા યુવા પ્રતિભાઓ, પ્રમુખજનો, લોક પ્રબોધકો તેમજ વરિષ્ઠ લોકો સાથે ગોષ્ઠિ-સંવાદ કર્યો હતો. જેમાં શતાબ્દી વર્ષના અવસરે સંઘની આગામી કાર્યયોજના અને વિચારો જણાવ્યા હતા. ઉપરાંત તેમણે જાણીતા કથાકાર પૂજ્ય ભાઈ શ્રી રમેશભાઈ ઓઝા સાથે વ્યક્તિગત મુલાકાત કરી હતી અને રાષ્ટ્રહિતમાં સંઘ તથા ધર્મની ભૂમિકા અંગે સંવાદ કર્યો હતો. ડૉ. મોહનજીએ ગોષ્ઠિ તથા સંવાદોમાં રાષ્ટ્રહિતમાં કામ કરતા સૌને સાથે હળીમળીને, સંવાદિતાથી કામ કરવા આહવાન કર્યું હતું. આ સાથે દેશહિત માટે સંઘે આપેલા પંચ પરિવર્તનના વિષયો (૧) સામાજિક સમરસતા, (૨) કુટુંબ પ્રબોધન, (૩) પર્યાવરણ, (૪) સ્વબોધ, સ્વદેશી, (૫) નાગરિક કર્તવ્યમાંથી કોઈપણ વિષય પર નાનાં-નાનાં કામો થકી દેશહિતમાં યોગદાન આપવા આહવાન કર્યું હતું.

તેમણે ભાર પૂર્વક કહ્યું હતુ કે, સંઘ વિશે અન્ય લોકો દ્વારા ફેલાવાતા પ્રચારના દ્રષ્ટિકોણથી સંઘને જોવાને બદલે, સંઘને સમજવો હોય તો સંઘ-સાહિત્ય વાંચવા કે સંઘમાં જોડાવું જોઈએ. આ તકે તેમણે રાષ્ટ્રહિતમાં સંઘની ભૂમિકા પણ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, સંઘ શાખાના માધ્યમથી ગુણવાન, શીલવાન વ્યક્તિના નિર્માણ થકી સમાજનિર્માણનું કાર્ય કરે છે. સ્વયંસેવકો વિવિધ ક્ષેત્રોમાં જઈને પોતાના વિવેક અનુસાર વિવિધ સેવાકાર્યો કરે છે અને સમાજહિતમાં પોતાનું યોગદાન આપે છે.

તેમણે કહ્યું હતું કે, શતાબ્દી વર્ષે સંઘ કાર્યવિસ્તાર અને દ્રઢિકરણ પર ભાર આપી રહ્યો છે. સંઘની શાખા દરેક ગામ અને નગર સુધી પહોંચે તે માટે આયોજન સાથે સંઘ કામ કરી રહ્યો છે.બે દિવસના પ્રવાસ બાદ તેમણે અખિલ ભારતીય યોજના મુજબ, આગળના પ્રવાસ માટે પ્રસ્થાન કર્યું છે.

# રાજકોટના વોર્ડ નં.૨માં વોંકળાને પાકો બનાવવાના કામનુ ખાતમુહુર્ત



રાજકોટ,

રાજકોટ શહેરના વોર્ડ નં.૨માં આવેલ મારૂતિનગર એરપોર્ટ રોડથી પોલિસ હેડ ક્વાર્ટરની ગોળાઈ સુધી વોંકળાને પાકો કરવાનું ખાતમુહુર્ત મેયર નયનાબેન પેઢડિયા, ૬૯-વિધાનસભા ધારાસભ્ય ડૉ.દર્શિતા શાહ, સ્ટન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા તેમજ વોર્ડ નં.૨ના કોર્પોરેટર મીનાબા જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વોર્ડ નં.૨ના પ્રભારી કુલદીપસિંહ જાડેજા, પ્રમુખ ભાવેશભાઈ ટોયટા, મહામંત્રી ધૈર્યભાઈ પારેખ, મહામંત્રી હર્ષવર્ધનભાઈ કહોર, ગુલાબસિંહ જાડેજા, અજયસિંહ જાડેજા, રાજેન્દ્રસિંહ ગોહિલ, સંજયભાઈ મિયાત્રા, અશ્વિનભાઈ અઢીયા, જે.ડી.ઉપાધ્યાય, ઘનશ્યામસિંહ રાઠોડ, નિલેશભાઈ તરેયા, યોગરાજસિંહ જાડેજા, જયસુખભાઈ પરમાર, જેન્તીભાઈ બુધેલિયા, ભરતભાઈ વીરડા, જેન્તીભાઈ અજમેરિયા, મહેશભાઈ પટેલ, બાદુરદાન ગઢવી, જીગાભાઈ, રાજનભાઈ સિંઘવ, રાજુભાઈ વાડોલીયા, ભરતભાઈ લાઠિયા, અમીબેન પારેખ, દક્ષાબેન વાઘેલા તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહેલ.

# રાજકોટમાં ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતિ મહોત્સવનું આયોજન

## શાસ્ત્રી મેદાન ખાતે શ્રી વિશ્વકર્મા ધામ ઉભુ કરાશે : ૩૧મીએ જન્મં જયંતિ મહોત્સવ

રાજકોટ,

ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ દ્વારા શ્રી વિશ્વકર્મા જયંતિ મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયુ છે. શાસ્ત્રી મેદાન રાજકોટ ખાતે શ્રી વિશ્વકર્મા ધામનું નિર્માણ કરવામાં આવશે. જેમાં શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ રાજકોટ આયોજિત સમૂહ લગ્ન તેમજ ભગવાન શ્રી વિશ્વકર્મા જયંતિ મહોત્સ વ અંતર્ગત શ્રી વિરાટ વિશ્વકર્મા પ્રભુજી અને પાંચ પુત્રોની મૂર્તિ સ્થાપન સાથે નવ દિવસીય જવારા વ્રત અનુષ્ઠાન મહોત્સવ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

શ્રી વિશ્વકર્મા મંદિર દિવાનપરા ખાતે શ્રી વિશ્વકર્મા પ્રભુજીના પ્રાગટય દિન મહા સુદ તેરસ તા. ૩૧-૦૧-૨૦૨૬ ના શનિવારે સવારે ૬ વાગે ધ્વજારોહણ, ૬.૩૦ વાગે મંગળા આરતી તેમજ મહારકતદાન શિબિરનું આયોજન શ્રી વિશ્વકર્મા જયંતિના પાવન દિવસે સવારે ૮ થી સાંજે ૮ કલાક સુધી રાખવામાં આવેલ છે.

શ્રી વિશ્વકર્મા જયંતિના પાવન દિવસે જવેરા તથા ભગવાન શ્રી વિશ્વકર્મા પ્રભુજીની ભવ્ય શોભાયાત્રા સવારે નીકળશે શાસ્ત્રી મેદાન ખાતે શ્રી વિશ્વકર્મા ધામમાં ૧૨ દીકરીઓના સમૂહ લગ્ન બપોરે ૨ વાગ્યા થી શરૂ થશે. આમંત્રિત મહેમાનોમાં શ્રી પરષોત્તમભાઈ રૂપાલા સાંસદશ્રી રાજકોટ શ્રી રામભાઈ મોકરિયા રાજયસભાના સાંસદ, શ્રી રમેશભાઈ ટીલારા ધારાસભ્ય, શ્રી ઉદયભાઈ કાનગડ ધારાસભ્યર, શ્રી નયનાબેન પેઢડીયા મેયર, શ્રી માધવભાઈ દવે પ્રમુખ રાજકોટ શહેર ભાજપ, શ્રી ભાનુબેન બાબરિયા પૂર્વ કેબીનેટ મંત્રી, ડો.દર્શિતાબહેન શાહ ધારાસભ્ય, શ્રી જયેશભાઈ રાદડીયા વિવિધ પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# રાજકોટ ગ્રામ્ય પોલીસે ૨૦૦ આરોપીઓને તેડું મોકલી પોલીસ સ્ટેશન બોલાવ્યા : સુધરી જવાની શીખ આપી

## પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર ગુનેગારોને ચેતવણી આપી :૧૨૦ ગેરહાજર રહ્યા



રાજકોટ,

રાજકોટ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવાના હેતુથી રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા ગુનાખોરીના રસ્તે ચડેલા ૯૫૦ જેટલા શખ્સોને સુધરવાની છેલ્લી તક આપતા એસ.પી.એ કડક શબ્દોમાં ચેતવણી આપી હતી.

રાજકોટ ગ્રામ્ય પોલીસે મારામારી, દારૂબંધી, જુગાર અને મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલા તેમજ પાસા કે તડીપારની દરખાસ્ત હેઠળના ૯૫૦ જેટલા ઈસમોનું લિસ્ટ તૈયાર કર્યુ છે. આ પૈકી ત્રીજા તબક્કે ૨૦૦ જેટલા શખ્સોને બોલાવીને સમજાવવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, બોલાવવા છતાં ગેરહાજર રહેલા ૧૨૦ આરોપીઓને ફરીથી તેડું મોકલવામાં આવશે.

મીટિંગ દરમિયાન એસ.પી. વિજયસિંહ ગુર્જરે ગુનેગારોને સીધી ચેતવણી આપતા જણાવ્યું હતું કે, "હું તમને નીચે બેસાડવા માંગતો નથી, પણ જો તમે બે વખત સમજાવવા છતાં નહીં સુધરો તો હું તમારી પરેડ કરાવીશ અને કડકમાં કડક કાર્યવાહી કરીશ." તેમણે ઉમેર્યું હતું કે, "તમારા પરિવારનો વિચાર કરો. ઓનલાઈન કે ઓફલાઈન જુગાર અને નશાની લત આખા પરિવારને બરબાદ કરી નાખશે."આ મહત્વની બેઠકમાં એસ.પી. ગુર્જરની સાથે એ.એસ.પી. સીમરન ભારદ્વાજ, ડી.વાય.એસ.પી. રોહિતસિંહ ડોડીયા, કે.જી. ઝાલા, પ્રોબેશનલ આઈ.પી.એસ. પ્રખર કુમાર તેમજ જિલ્લાના તમામ પી.આઈ., એલ.સી.બી. અને એસ.ઓ.જી.ના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

પોલીસ અધિક્ષકે સામાન્ય જનતાને પણ નિર્ભય બનીને સહકાર આપવા અપીલ કરી છે. જો કોઈ પણ જગ્યાએ ગાંજો, ચરસ, અફીણ કે ડ્રગ્સનું વેચાણ, ગેરકાયદેસર હથિયારો અથવા અન્ય કોઈ અસામાજિક પ્રવૃત્તિ થતી હોય તો તેની માહિતી પોલીસને આપવા જણાવાયું છે. માહિતી આપનાર નાગરિકનું નામ ગુપ્ત રાખવામાં આવશે અને તેને યોગ્ય ઈનામ તેમજ ખર્ચ પણ આપવામાં આવશે. નાગરિકો સીધો જિલ્લા પોલીસ કચેરી, કંટ્રોલ રૂમ અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી શકે છે.

# રાજકોટમાં શહેર કોંગ્રેસ દ્વારા જનસંપર્ક કાર્યક્રમનો વોર્ડ નં.૪થી પ્રારંભ

## લોકોની તકલીફો અને પ્રશ્નોને સીધા કોંગ્રેસના મંચ સુધી પહોંચાડશે



રાજકોટ,

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા કોંગ્રેસ આપને દ્વાર જનતાની વેદના અભિયાન અંતર્ગત રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા વોર્ડ નો ૪ ના વિવિધ વિસ્તારોમાં જનસંપર્ક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અભિયાનનો મુખ્ય હેતુ સામાન્ય નાગરિકોની રોજબરોજની સમસ્યાઓ, તકલીફો અને પ્રશ્નોને સીધા કોંગ્રેસના મંચ સુધી પહોંચાડવાનો હતો.આ અભિયાન દરમિયાન મોંઘવારી, બેરોજગારી, પાણીની સમસ્યા, રસ્તાડ્રેનેજની હાલત, વીજળી, આરોગ્ય સેવાઓ, શિક્ષણ, મહિલા સુરક્ષા, યુવાનોના પ્રશ્નો તેમજ સ્થાનિક સ્વરાજ્ય સંબંધિત અનેક મુદ્દાઓ પર લોકોની ફરિયાદો અને સૂચનો લખિત સ્વરૂપે લેવામાં આવ્યા હતા. જનતાએ ખુલ્લેઆમ પોતાની વેદના વ્યક્ત કરી અને વર્તમાન સરકારની નિષ્ફળ નીતિઓ સામે અસંતોષ વ્યક્ત કર્યો.

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો.રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, જનતાના પ્રશ્નો સાંભળવા માટે કોંગ્રેસ હંમેશા પ્રજા સાથે છે.ભાજપ સરકાર ફક્ત પ્રચારમાં વ્યસ્ત છે, જ્યારે લોકો મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યા છે. કોંગ્રેસ જનતાની દરેક વેદનાને અવાજ આપશે અને યોગ્ય મંચ પર લડત લડશે.અને આવનારા દિવસોમાં આ અભિયાન દરેક વોર્ડમાં લઈ જવામાં આવશે. આ સર્વે અને ફરિયાદોના આધારે આવનારા સમયમાં સંબંધિત વિભાગો સમક્ષ રજૂઆત કરવામાં આવશે તથા જરૂરી હોય ત્યાં આંદોલનાત્મક કાર્યક્રમો પણ યોજવામાં આવશે.આ અભિયાનમાં શહેર કોંગ્રેસના વોર્ડના આગેવાનો,કોંગ્રેસના કાર્યકરોની સક્રિય ભાગીદારી રહી હતી અને જનતાએ પણ ઉત્સાહપૂર્વક સહકાર આપ્યો હતો.

# રાજકોટ જિલ્લા પંચાયતને મોબાઈલ લેબ. વાન ફાળવવાની રજુઆતને પ્રતિસાદ

## હરતી ફરતી લેબોરેટરી ખૂબ ઉપયોગી થઈ શકે: અધ્યક્ષ શ્રીમતી લીલાબેન ઠુમર

રાજકોટ,

રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના અધ્યક્ષ શ્રીમતી લીલાબેન બટુકભાઇ ઠુમરએ જિલ્લામાં આરોગ્ય સેવાને વધુ સુદ્રઢ બનાવવા ૩ મોબાઇલ લેબોરેટરી વાન ફાળવવા પ્રભારી મંત્રી શ્રી જીતુ વાઘાણીને રજુઆત કરેલ. પ્રભારી મંત્રીએ આ અંગે યોગ્યે કાર્યવાહી કરવા મુખ્યમંત્રી કાર્યાલયને પત્ર પાઠવ્યો છે. આ માંગણીને હકારત્મરક પ્રતિસાદ મળ્યો છે.

લીલાબેન ઠુંમરે આરોગ્ય મંત્રી, પ્રભારીમંત્રી વગેરેને પત્ર પાઠવી રાજકોટ જિલ્લા પંચાયત અંતર્ગત આવેલ અલગ-અલગ ગ્રામ્ય વિસ્તારોમાં હાલમાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવા માટે મોબાઇલ લેબોરેટરી વાનની અત્યૂંત જરૂરીયાત છે. ગ્રામ્ય વિસ્તારોના નાગરિકોને રોગ નિદાન માટે તાલુકા અથવા જિલ્લા કેન્દ્ર સુધી આવવું પડે છે, જેને કારણે સમય અને ખર્ચનો મોટો બોજો પડે છે. જો મોબાઇલ લેબોરેટરી વાન ઉપલબ્ધ થશે તો ગ્રામ્ય, વિસ્તારોમાં તાત્કાલિક બ્લડ, યુરિન, સુગર, મેલેરિયા, ડેંગ્યુ વગેરેની લેબ ટેસ્ટ સ્થળ પર જ કરી શકાશે. ગર્ભવતી માતાઓ, વૃદ્ધ નાગરિકો, દિવ્યાંગ તથા અન્ય દર્દીઓને પરીક્ષણ માટે લાંબો પ્રવાસ કરવો નહીં પડે. આરોગ્ય વિભાગની કેમ્પ પ્રવૃત્તિઓ વધુ અસરકારક રીતે અમલમાં મુકી શકાશે. રોગચાળાની સ્થિતિમાં ઝડપથી સર્વે તથા નમૂના પરીક્ષણ કરી શકાશે.

# "ચેન્જ ધ સોચ - કન્યાકુમારી ટુ કાશ્મીર ડ્રાઈવ" નામનું રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કર્યુ

## ફ્રેન્કલિન ટેમ્પલ્ટન ઈન્ડિયાએ મ્યુચ્યુઅલ ફંડ રોકાણ વિશે રોકાણકારોમાં જાગૃતિ

મુંબઈ, ફ્રેન્કલિન ટેમ્પલ્ટન (ઈન્ડિયા) એ આજે?? 'ચેન્જ ધ સોચ - કન્યાકુમારી ટુ કાશ્મીર ડ્રાઈવ' ને લીલી ઝંડી આપી હતી. આ રાષ્ટ્રવ્યાપી અભિયાનનો હેતુ ખાસ કરીને મહિલાઓમાં નાણાંકીય સશક્તિકરણને પ્રોત્સાહન આપવાનો છે. ભારતમાં ફ્રેન્કલિન ટેમ્પલ્ટનના ૩૦ વર્ષની ઉજવણીને યાદ કરીને, આ ૩૦ દિવસની યાત્રા દેશના દક્ષિણ છેડે કન્યાકુમારીથી શરૂ થશે, જેમાં ૨૧ શહેરો આવરી લેવામાં આવશે અને શ્રીનગર, જમ્મુ અને કાશ્મીરમાં સમાપ્ત થશે. ઈન્ટરેક્ટિવ નાણાંકીય શિક્ષણ સત્રો, નિષ્ણાંતોની સમજ અને સમુદાય જોડાણ દ્વારા, આ અભિયાનનો હેતુ મ્યુચ્યુઅલ ફંડ રોકાણના રહસ્યોને ઉજાગર કરવાનો અને હજારો ભારતીયોમાં તેમના નાણાંકીય ભવિષ્યની જવાબદારી લેવા માટે આત્મવિશ્વાસ પ્રેરિત કરવાનો છે.

આ પહેલના પ્રારંભ અંગે ફ્રેન્કલિન ટેમ્પલટન-ઈન્ડિયાના પ્રેસિડેન્ટ અવિનાશ સાતવલેકરે જણાવ્યું હતું કે, "ભારતની લાંબા ગાળાની સામાજિક-આર્થિક પ્રગતિ માટે મહિલાઓમાં નાણાંકીય સાક્ષરતા અનિવાર્ય છે. શહેરી કેન્દ્રોએ અર્થપૂર્ણ પ્રગતિ કરી છે, ત્યારે ભારતભરમાં લાખો મહિલાઓ, ખાસ કરીને ટિયર ૨ અને ટિયર ૩ પ્રદેશોમાં, નાણાંકીય જ્ઞાન અને સાધનોની પહોંચની દ્રષ્ટિએ વંચિત છે. આ પહેલ દ્વારા, અમે જીવનના વિવિધ ક્ષેત્રોની મહિલાઓ સાથે જોડાઈશું અને તેમને બચત, રોકાણ અને ડિજિટલ ફાઈનાન્સ અપનાવવા માટે જ્ઞાન અને આત્મવિશ્વાસ સાથે સશક્ત બનાવીશું."

# રાજકોટની શ્રી પંચનાથ હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીઓને વિનામૂલ્યે સેવાઓ અપાશે

## ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની ઉપસ્થિતિમાં જનરલ વોર્ડ વિનામૂલ્યે સેવા અર્પણ કાર્યક્રમ યોજાયો




રાજકોટ,

શ્રી પંચનાથ ટ્રસ્ટ દારા તા. ૨૦/૧/૨૦૨૬ ના રોજ જનરલ વોર્ડ વિનામૂલ્યે સેવા અર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો. પુ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા ની પ્રેરણાદાયી ઉપસ્થિતિ માં આ આયોજન થયુ. આ કાર્યક્રમ માં સ્વાગત પ્રવચન ટ્રસ્ટી ડી.વી મહેતા દારા કરવા માં આવ્યુ જયારે સ્વાગત પ્રવચન પ્રમુખ દેવાંગ માંકડ દારા કરવા માં આ પ્રસંગે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા એ સંસ્થા ને શુભેચ્છા પાઠવી તેમજ સહકાર ની ખાત્રી આપવા માં આવી પૂર્વ સાંસદ મોહનભાઈ કુંડારિયા દારા પંચનાથ ટ્રસ્ટ દારા ચલાવવામાં આવતી હોસ્પિટલ ના રાહતદરો ની નોંધ લીધી હતી અને આ સેવા નો વિકાસ થતો રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

આ કાર્યક્રમ માં લોહાણા સમાજ ના પ્રમુખશ્રી રાજુભાઈ પોબારુ છગજઈ ના ચેરમેન દિનેશભાઈ પાઠક, કિશનભાઈ કોટેચા, અજયભાઈ બગડાઈ, અચ્યુતભાઈ જસાણી, પ્રફુલભાઈ ગંદેવ, દર્શનભાઈ નંદાણી, હેતલભાઈ રાજ્યગુરુ, મીતભાઈ ભટ્ટ, શ્રી મૌલીક ભાઈ રવાણી, પરસોતમભાઈ પીપળીયા, સૌરીનભાઈ વોરા અને હર્ષદભાઈ અદાણી અને વિરેનભાઈ શેઠ, શેતૂરભાઈ દેસાઇ, ઈબ્રાહિંભાઈ સોની તથા રસિકભાઈ બદ્રકીયા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા. હોસ્પિટલ ના જનરલ વોર્ડ ને નિઃશુલ્ક સેવા માટે ખુલ્લો મુક્તિ વખતે પુ.ભાઈ ખુબ આશીર્વચન આપતા જણાવ્યું હતુ કે પજયારે જયારે હું અહી આવુ છુ ત્યારે આ સેવા કાર્ય જોઈને મને ખુબ આનંદ થાય છે. અહી પંચનાથ મહાદેવ નુ મંદિર છે અને એજ રીતે આ હોસ્પિટલ પણ હમદર્દી મંદિર છે. પરમ કૃપાળુ પંચનાથ મહાદેવ ની કૃપાથી સેવા યાત્રા ચાલી રહી છે.

દાતાઓને સમર્થન, સહયોગ અને સમર્પણ મળી રહ્યુ છે સંસ્થા માં ખુબ જ ઉમદા હેતુ થી આ સેવા કાર્ય થઈ રહ્યુ છે. અંત માં ખુબ જ સુંદર શબ્દો જણાવ્યા કે. આ વ્યવસ્થા નહિ પણ સેવા નો યજ્ઞ છે" હોસ્પિટલની સ્થાપના ના પાયાથી આજરોજ સુધી ભાઈશ્રી, એ અનેક બીજા પૂજનીય મહંતો નમ્રમુનિ મહારાજ સાહેબ, હરિચરણદાસ બાપુ વગેરે સંતો ને પણ રમેશભાઈ ઓઝા એ યાદ કરી સંસ્મરણો તાજા કર્યા હતા.

# રાજકોટના વોર્ડ નં.૧૧માં વિવિધ વિસ્તારમાં સિમેન્ટ કોક્રીંટ રોડ બનાવવાના કામનું ખાતમુહૂર્ત



રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૧માં આવેલ બાલાજી હોલ થી ધોળકિયા સ્કૂલ સુધીના રોડને સિમેન્ટગ કોક્રીંટ રોડ બનાવવાનું કામ (અંદાજિત રકમ રૂ.૨.૮૫ કરોડ)તથા કણકોટ રોડ થી ન્યારી ડેમ સુધીના આશ્રમ રોડને ડેવલોપ કરવાના કામનુ (અંદાજિત રકમ રૂ.૨.૦૬ કરોડ)ના ખાતમુહૂર્ત ધારાસભ્ય? શ્રીમતી ભાનુબેન બાબરીયાના હસ્તે કરવામાં આવ્યું.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયા, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડૉ.માધવ દવે, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, પૂર્વ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ડૉ.ભરતભાઈ બોઘરા, પ્રદેશ કિશાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટ, શહેર ભાજપ મંત્રી ભરતભાઈ શિંગાળા, કોર્પોરેટર રણજીતભાઈ સાગઠીયા, વિનોદભાઈ સોરઠીયા, ભારતીબેન પાડલીયા, વોર્ડ નં.૮ પ્રભારી સંજયભાઈ દવે, વોર્ડ નં.૧૧ પ્રમુખ હિરેનભાઈ મુંગપરા, મહામંત્રી મૂળુભાઈ ઓડેદરા, અગ્રણી મનસુખભાઈ સાવલીયા, શાંતુબા જાડેજા, પ્રવિણાબેન અસરાણીયા, વિનોદભાઈ લાલકીયા, પરસોતમભાઈ સાવલીયા તેમજ બહોળી સંખ્યામાં વિસ્તારવાસીઓ ઉપસ્થિત રહયા હતા.

